
# પ્યારું પ્યારું નામ



નિત સવારે વહેલા ઊઠી
લઈએ તારું નામ
પ્રભુજી પ્યારું પ્યારું નામ.
ગગન દુવારે વાદળ વચ્ચે
ઉંચે તારું ધામ,
પ્રભુજી પ્યારું પ્યારું નામ.
ખળખળ ઝરણે જંગલ ઝાડે
સઘળે તારું ધામ,
પ્રભુજી પ્યારું પ્યારું નામ.
બાગ-બગીચે ફૂલડે ફૂલડે
વસતા સીતારામ
પ્રભુજી પ્યારું પ્યારું નામ.
અમ બાળકના નાના હૈયે
આવી વસજો રામ,
પ્રભુજી પ્યારું પ્યારું નામ.

છત્રોળા વનિતાબેન,
ધો-8, અજોઠા